| | | | | |
|---|---|---|---|---|
| પ્રાપ્તિ તારીખ | : | ૦૬–૦૯–૨૦૨૪ | | |
| નોંધ્યા તારીખ | : | ૦૬–૦૯–૨૦૨૪ | | |
| ફેંસલ તારીખ | : | ૦૫–૦૬–૨૦૨૬ | | |
| સમયગાળો | : | વર્ષ | માસ | દિવસ |
| | | | | |

**જામજોધપુરના મે. જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસની કોર્ટમાં,**
**મુ.જામજોધપુર.**

**ફોજદારી કેસ નં. ૯૬૬/૨૦૨૪**

**આંક :**

**ફરિયાદી** :– શ્રી સરકાર
જામજોધપુર પો.સ્ટે.ગુના રજી.નં.૦૦૪૭૫/૨૦૨૪

**વિ....રુ....દ્ધ**

**આરોપીઓ** :– (૧) **જશપાલસિંહ ઉર્ફે જે.ડી. ધર્મેન્દ્રસિંહ જાડેજા**
ઉ.વ. : ૨૭, ધંધો: ખેતી,
રહે.ધ્રાફા ગામ,તા.જામજોધપુર, જી.જામનગર

(૨) **પાર્થરાજસિંહ ઉર્ફે પી.ડી. ધર્મેન્દ્રસિંહ જાડેજા**
ઉ.વ. : ૨૦, ધંધો: અભ્યાસ,
રહે.ધ્રાફા ગામ,તા.જામજોધપુર, જી.જામનગર

(૩) **દર્શનસિંહ વિરેન્દ્રસિંહ જાડેજા**
ઉ.વ. : ૨૧, ધંધો: ખેતી,
રહે.ધ્રાફા ગામ,તા.જામજોધપુર, જી.જામનગર

(૪) **પ્રીયરાજસિંહ હરવિજયસિંહ જાડેજા**
ઉ.વ. : ૧૮, ધંધો: ખેતી,
રહે.ધ્રાફા ગામ,તા.જામજોધપુર, જી.જામનગર

(૫) **ઉતમરાજસિંહ કિશોરસિંહ જાડેજા**
ઉ.વ. : ૧૮, ધંધો: અભ્યાસ,
રહે.તીરૂપતી સોસાયટી, જામજોધપુર,
તા.જામજોધપુર, જી.જામનગર

(૬) **મનહરસિંહ શિવરાજસિંહ જાડેજા**
ઉ.વ. : ૨૫, ધંધો: ખેતી,
રહે.ધ્રાફા ગામ,તા.જામજોધપુર, જી.જામનગર

(૭) **શીશુપાલસિંહ ઉર્ફે શીવરાજસિંહ પૃથ્વીરાજસિંહ જાડેજા**
ઉ.વ. : ૨૧, ધંધો: ખેતી,
રહે.ધ્રાફા ગામ,તા.જામજોધપુર, જી.જામનગર

(૮) **દુષ્યંતસિંહ રાજેન્દ્રસિંહ જાડેજા**
ઉ.વ. : ૨૭, ધંધો: ખેતી,
રહે.ધ્રાફા ગામ,તા.જામજોધપુર, જી.જામનગર

---

**ગુન્હો**: ભારતીય ન્યાય સંહીતા ની કલમ–૧૮૯(૨), ૧૯૧(૨), ૧૯૧(૩), ૧૧૫(૨), ૧૧૮(૧), ૩૫૧(૩), ૩૫૨, ૬૧ તથા જી.પી.એકટ–૧૩૫(૧) મુજબ

---

ફરીયાદ પક્ષ તરફે વિધ્વાન એ.પી.પી.શ્રી એસ.યુ.બાબી
આરોપીઓ પક્ષ તરફે વિધ્વાન વકીલ શ્રી એન.એચ.લાલાણી

---

## -: ચુ કા દો :-

૧– ફરીયાદપક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામના ફરીયાદીની દુકાન સામે તા.૨૯/૦૫/૨૦૨૪ ના રોજ સ્વીફટ ફોર વ્હીલર રજી.નં.જીજે ૦૩ એલ બી ૧૬૭૪ વાળી દુકાન પાસે પાર્કીંગ કરેલ હતી જેથી દુકાને કામ કરતા માણસ સાહેદ નં.૧૧ એ દુકાન પાસેથી ફોરવ્હીલ લઈને સામે રાખવા જણાવતા આ ઉપરોકત નંબરની ફોર વ્હીલર ચાલક જેમ ફાવે તેમ ગાળો આપતા, ફરીયાદીએ સમજાવતા ફરીયાદીને પણ ગાળો આપેલ હોય અને તે જ દિવસે આરોપી નં. ૧ તથા ૨ એ ફરીયાદીને ફોન કરીને દુકાન બંધ કરી દેવાની તેમજ જોઈ લઈ મારી નાખવાની ધમકી આપી, જે બનાવનો ખાર રાખી આરોપીઓએ અગાઉથી પુર્વ આયોજન કરી, એક સંપ

કરી, લાકડાના ધોકા ધારણ કરી, ફરીયાદીની દુકાને ધસી આવી, ઢીકાપાટુ તથા લાકડી ધોકા વડે માર મારીને ફરીયાદીને ડાબા હાથના કાંડામાં તથા ડાબા પગના સાથળના ભાગે તથા માથાના ભાગે લાકડીના ઘા કરી, માથામાં ફુટની ઈજા કરી, બચકા ભરી, ગાળો ભુંડા બોલી, જાનથી મારી નાખવાની ધમકી આપી, મે. જીલ્લા મેજી. સા.જામનગરના હથીયારબંધી જાહેરનામાનો ભંગ કરી ભારતીય ન્યાય સંહીતા ની કલમ-૧૮૯(૨), ૧૯૧(૨), ૧૯૧(૩), ૧૧૫(૨), ૧૧૮(૧), ૩૫૧(૩), ૩૫૨, ૬૧ તથા જી. પી. એકટ – ૧૩૫(૧) મુજબનો ગુનો કરેલ છે.

ઉપર મુજબની વિગતે આરોપીઓ વિરુધ્ધ જામજોધપુર પોલીસ સ્ટેશને ગુના રજી.નં.૧૧૨૦૨૦૨૬૨૪૦૪૭૫/૨૦૨૪ હેઠળ ભારતીય ન્યાય સંહીતા ની કલમ-૧૮૯(૨), ૧૯૧(૨), ૧૯૧(૩), ૧૧૫(૨), ૧૧૮(૧), ૩૫૧(૩), ૩૫૨, ૬૧ તથા જી.પી.એકટ-૧૩૫(૧) મુજબનો ગુનો નોંધાયેલ. સદર ગુનો નોંધાતા તપાસ કરનાર અમલદારે જરૂરી તપાસના અંતે હાલના આરોપીઓ વિરુધ્ધ પુરતો પુરાવો જણાતા તેઓ વિરુધ્ધ અત્રેની અદાલતમાં ભારતીય ન્યાય સંહીતા ની કલમ-૧૮૯(૨), ૧૯૧(૨), ૧૯૧(૩), ૧૧૫(૨), ૧૧૮(૧), ૩૫૧(૩), ૩૫૨, ૬૧ તથા જી.પી.એકટ-૧૩૫(૧) મુજબના ગુનાનું ચાર્જશીટ કરેલ છે.

૨- હાલના આરોપીઓ વિરુધ્ધ ચાર્જશીટ રજૂ થતાં આરોપીઓ ને કોર્ટમાં હાજર થવા સમન્સ કાઢવામાં આવેલ. ત્યારબાદ આરોપીઓ હાજર થતાં તેઓને બી.એન.એસ.એસની કલમ – ૨૩૦ અન્વયે પોલીસ પેપર્સની નકલો વિનામૂલ્યે આપવામાં આવેલ. ત્યારબાદ, ઉપરોકત ગુના સબબ આંક -૦૭ થી તહોમતનામું ફરમાવી આંક-૦૮ થી આંક-૧૫ સુધી આરોપીઓની

પ્લી રેકોર્ડ કરતા આરોપીઓએ ગુનાનો ઈન્કાર કરતા કેસની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ.

૩– ફરિયાદપક્ષે આરોપીઓ વિરુધ્ધનો કેસ પુરવાર કરવા, તેઓના કેસના સમર્થનમાં નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજૂ કરેલ છે.

**–: મૌખિક પુરાવો :–**

| **સાહેદ નંબર** | **સાહેદનું નામ/વિગત** | **આંક** |
|---|---|---|
| ૧. | ફરીયાદી ચીરાગભાઈ વ્રજલાલભાઈ દેલવાડીયા ની જુબાની | ૨૪ |
| ૨. | સાહેદ અજયભાઈ કેશુભાઈ પરમારની જુબાની | ૨૬ |
| ૩. | સાહેદ ભરતભાઈ પ્રભુદાસભાઈ જેઠવાની જુબાની | ૨૭ |
| ૪. | સાહેદ પરેશભાઈ ધરમશીભાઈ પરમારની જુબાની | ૨૮ |
| ૫. | સાહેદ ભગવાનજીભાઈ સંઘજીભાઈ જાવીયાની જુબાની | ૨૯ |
| ૬. | સાહેદ કરણભાઈ રમેશભાઈ ચનીયારાની જુબાની | ૩૦ |

**–: દસ્તાવેજી પુરાવો :–**

| **અનુક્રમ** | **દસ્તાવેજની વિગત** | **આંક** |
|---|---|---|
| ૧ | અસલ ફરીયાદ | ૨૫ |
| ૨ | બનાવવાળી જગ્યાનુ પંચનામું | ૩૧ |
| ૩ | અટક પંચનામું | ૩૨ |
| ૪ | અટક પંચનામું | ૩૩ |
| ૫ | મુદામાલ રીકવરી પંચનામું | ૩૪ |
| ૬ | સી.સી.ટી.વી.ફુટેજની પેનડ્રાઈવ રીકવરી પંચનામું | ૩૫ |
| ૭ | સી.સી.ટી.વી.ફુટેજની પેનડ્રાઈવ રીકવરી | ૩૬ |

| | | |
|---|---|---|
| | પંચનામું | |
| ૮ | હથીયારબંધીનુ જાહેરનામું | ૩૭ |
| ૯ | ચિરાગ પ્રજલાલ દેલવાડીયાનુ સારવાર સર્ટી | ૩૮ |
| ૧૦ | પુરાવો પુરો થયાની પુરશીશ | ૩૯ |

ફરીયાદપક્ષ તરફે રજૂ થયેલ સમગ્ર પુરાવો પ્રથમ દર્શનીય રીતે લક્ષમાં લેતા આરોપીઓનું બી.એન.એસ.એસની કલમ–૩૫૧ મુજબ વિશેષ નિવેદન નોંધતા બનાવ બાબતે કશુ જાણતા ન હોવાનુ અને તેઓ નિર્દોષ હોવાનુ અને તેઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવા અરજ કરેલ છે. તે સિવાય આરોપી પક્ષે પોતાનો બચાવ વિશેષ કોઇ લેખીત મૌખિક પુરાવા રજુ રાખેલ નથી.

આ કામે સરકારપક્ષે એપીપીશ્રી તથા આરોપીપક્ષે તેમના વિ.વકીલશ્રીની મૌખિક દલીલ સાંભળવામાં આવેલ છે.

૪– સદરહુ કેસના નિર્ણય માટે નીચે મુજબના મુદાઓ ઉપસ્થિત થાય છે.

(૧) શું ફરિયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના ફરીયાદીની દુકાન સામે તા.૨૯/૦૫/૨૦૨૪ ના રોજ સ્વીફટ ફોર વ્હીલર રજી.નં.જીજે ૦૩ એલ બી ૧૬૭૪ વાળી દુકાન પાસે પાર્કીગ કરેલ હતી જેથી દુકાને કામ કરતા માણસે સાહેદ નં.૧૧ દુકાન પાસેથી ફોરવ્હીલ લઈને સામે રાખવા જણાવતા આ ઉપરોકત નંબરની ફોર વ્હીલર ચાલક જેમ ફાવે તેમ ગાળો

આપતા ફરીયાદીએ સમજાવતા ફરીયાદીને પણ ગાળો આપેલ હોય અને તે જ દિવસે આ કામના આરોપી નં.૧ તથા ૨ વાળાએ ફરીયાદીને ફોન કરીને દુકાન બંધ કરી દેવાની તેમજ જોઈ લઈ મારી નાખવાની ધમકી આપી જે બનાવનો ખાર રાખી આ કામના આરોપીઓએ અગાઉથી પુર્વ આયોજન કરી એક સંપ કરી લાકડાના ધોકા ધારણ કરી ફરીયાદીની દુકાને ધસી આવી ઢીકાપાટુ તથા લાકડી ધોકા વડે માર મારીને ફરીયાદીને ડાબા હાથના કાંડામાં તથા ડાબા પગના સાથળના ભાગે તથા માથાના ભાગે લાકડીના ઘા કરી માથામાં ફુટની ઈજા કરી, બચકા ભરી ગાળો ભુંડા બોલી જાનથી મારી નાખવાની ધમકી આપી મે. જીલ્લા મેજી. સા.જામનગરના હથીયારબંધી જાહેરનામાનો ભંગ કરી ભારતીય ન્યાય સંહીતા ની કલમ–૧ ૮૯(૨), ૧૯૧(૨), ૧૯૧(૩), ૧૧૫(૨), ૧૧૮(૧), ૩૫૧ (૩), ૩૫૨, ૬૧ તથા જી.પી.એક્ટ–૧૩૫(૧) મુજબનો ગુનો કરેલ છે?

(૨) શું હુકમ ?

૫– ઉપરોકત મુદ્દાઓ માટેનાં નિર્ણયો હવે પછી જણાવેલ કારણોને આધારે નીચે મુજબ છે.

(૧) નકારમાં.

(૨) આખરી હુકમ મુજબ.

**-: કારણો :-**

૬- આ કામે ફરિયાદપક્ષે તેમનો કેસ પુરવાર કરવા માટે ઉપર પુરાવાના લીસ્ટમાં જણાવ્યા મુજબના મૌખિક તથા દસ્તાવેજી પુરાવા રજૂ કરેલા છે.

૬.૧- ફરીયાદપક્ષે ફરીયાદી **ચીરાગભાઈ વ્રજલાલ દેલવાડીયા** નાઓએ **આંક-૨૪** ની સોંગદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, હું ઉપરોકત સરનામે રહું છું અને વેપારનો ધંધો કરૂ છું. મારી અમિધારા રેસ્ટોરન્ટની નીચે સ્ટેશન રોડ પર મુન ટ્રેડર્સ નામની ખોળ કપાસીયાની દુકાન ધરાવું છું અને વેપાર કરૂ છું. આજ થી આશરે એકાદ બે વર્ષ પહેલા હું અમારી દુકાને હાજર હતો ત્યારે મારી દુકાનએ અજાણ્યા ઈસમો આવેલ અને મારી દુકાનની સામે ફોરવ્હીલ પાર્કીંગ કરેલ હોય તે બાબતે સામાન્ય બોલાચાલી થયેલ અને રાડારાડ થતા લોકોનુ ટોળુ ભેગું થઈ જતા ધકા મુકીમાં પડી જવાથી ઈજા થયેલ. કઈ વ્યક્તિના હાથમાં કયુ હથિયાર હતું તે હું કહી શકું નહી. ત્યારબાદ મનદુખ થતા મે આ બાબતે મે અજાણ્યા ઈસમો સામે ફરીયાદ આપેલ. જે ફરીયાદ તેઓને બતાવતા તેમાં પોતાની સહી ઓળખી બતાવેલ છે. જે ફરીયાદ આંક-૨૫ થી રજુ છે. આમ, સદરહુ ફરીયાદી પોતાના સોગંદ પરના પુરાવા દરમ્યાન ફરીયાદપક્ષના કેસની હકીકતોને સમર્થન કરતા ન હોય, વિ.એ.પી.પી.શ્રીની વિનંતીથી તેઓને ફરી ગયેલા જાહેર કરવામાં આવેલ છે, ફરી ગયેલા જાહેર થયા બાદ વિ.એ.પી.પી.શ્રી દ્વારા તેઓની વિગતવાર ઉલટતપાસ કરવામાં આવેલ છે, તેમ છતા ફરીયાદપક્ષના કેસને સમર્થન પ્રાપ્ત થાય તેવો કોઈ પુરાવો આપેલ નથી.

બચાવ પક્ષના વિ.વ.શ્રી દ્વારા ઉલટતપાસ કરવામાં આવતા તેઓએ જણાવેલ છે કે, એ વાત ખરી છે કે બનાવમાં પાર્કીંગ બાબતે સામાન્ય બોલાચાલી થયેલ. એ વાત ખરી છે કે હાલના બનાવ બાદ પણ હું મારી દુકાન

નિયમિત ખોલું છું અને વેપાર કરૂ છું. એ વાત ખરી છે કે બનાવ વખતે માણસોનું ટોળું ભેગું થતા ઝપાઝપી માં મને ઈજા થયેલ. એ વાત ખરી છે કે હું આરોપીઓને ઓળખતો નથી. એ વાત ખરી છે કે મને કોઇ હથિયાર વડે ઈજા કરવામાં આવેલ નથી. એ વાત ખરી છે કે મારી દુકાને કામ કરતા અન્ય કોઇ વ્યકતિને પણ આરોપીઓએ ઈજા કરેલ નથી. એ વાત ખરી છે કે આરોપીઓ સાથે બોલાચાલી થતા મે ફરીયાદ આપેલ. એ વાત ખરી છે કે કોઇ તપાસના કામે સીસીટીવી ફુટેજ આપેલા નથી. એ વાત ખરી છે કે આરોપીઓએ મને ધમકી આપેલ હોય તેવું બનેલ નથી.

૬.૨ ફરીયાદપક્ષે સાહેદ **અજયભાઈ કેશુભાઈ પરમાર** નાઓએ **આંક–૨૬** ની સોંગદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, હું ઉપરોકત સરનામે રહું છું અને મજુરીકામ કરૂ છું. હું ચિરાગભાઇ વ્રજલાલભાઇ દેલવાડીયા સાથે ૧૭ વર્ષ થી તેમની દુકાન સ્ટેશન રોડ પર મુન ટ્રેડર્સ નામની ખોળ કપાસીયાની દુકાનએ મજુરી કામ કરૂ છુ. આજ થી આશરે એકાદ બે વર્ષ પહેલા હું તેઓની દુકાને હાજર હતા ત્યારે તેમની દુકાનએ અજાણ્યા ઈસમો આવેલ અને દુકાનની સામે ફોરવ્હીલ પાર્કીંગ કરેલ હોય તે બાબતે સામાન્ય બોલાચાલી થયેલ અને રાડારાડ થતા લોકોનુ ટોળુ ભેગું થઈ જતા ધકા મુકીમાં પડી જવાથી મને ઈજા થયેલ. કઈ વ્યક્તિના હાથમાં કયુ હથિયાર હતું તે હું કહી શકું નહી. ત્યારબાદ મનદુખ થતા મારા શેઠ ચિરાગભાઈએ આ બાબતે અજાણ્યા ઈસમો સામે ફરીયાદ આપેલ. તે સિવાય બીજું કાંઇ બનેલ નહી. પોલિસે આ બાબતે મારી પુછપરછ કરેલ. આમ, સદરહુ સાહેદ પોતાના સોગંદ પરના પુરાવા દરમ્યાન ફરીયાદપક્ષના કેસની હકીકતોને સમર્થન કરતા ન હોય, વિ.એ.પી.પી.શ્રીની વિનંતીથી તેઓને ફરી ગયેલા જાહેર કરવામાં આવેલ છે, ફરી ગયેલા જાહેર થયા બાદ વિ.એ.પી.પી.શ્રી દ્વારા તેઓની વિગતવાર ઉલટતપાસ કરવામાં આવેલ છે, તેમ છતા ફરીયાદપક્ષના કેસને સમર્થન પ્રાપ્ત થાય તેવો કોઇ પુરાવો આપેલ નથી.

બચાવ પક્ષના વિ.વ.શ્રી ધ્વારા ઉલટતપાસ કરવામાં આવતા એ વાત કબુલ કરેલ છે કે, એ વાત ખરી છે કે બનાવમાં પાર્કીંગ બાબતે સામાન્ય બોલાચાલી થયેલ. એ વાત ખરી છે કે હાલના બનાવ બાદ પણ હું તથા મારા શેઠ દુકાનએ નિયમિત કામકાજ કરીએ છીએ અને વેપાર કરીએ છે. એ વાત ખરી છે કે બનાવ વખતે માણસોનું ટોળું ભેગું થતા ઝપાઝપી માં મને તથા મારા શેઠને ઈજા થયેલ. એ વાત ખરી છે કે હું આરોપીઓને ઓળખતો નથી. એ વાત ખરી છે કે મને તથા મારા શેઠને કોઇ હથિયાર વડે ઈજા કરવામાં આવેલ નથી. એ વાત ખરી છે કે અમારી દુકાને કામ કરતા અન્ય કોઇ વ્યકતિને આરોપીઓએ ઈજા કરેલ નથી. એ વાત ખરી છે કે આરોપીઓ સાથે બોલાચાલી થતા મારા શેઠએ ફરીયાદ આપેલ. એ વાત ખરી છે કે આરોપીઓએ મને કે મારા શેઠને ધમકી આપેલ હોય તેવું બનેલ નથી.

૬.૩ ફરીયાદપક્ષે સાહેદ **ભરતભાઈ પ્રભુદાસભાઈ જેઠવા** નાઓએ **આંક–૨૭** ની સોંગદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, હું ઉપરોકત સરનામે રહું છું અને સિલાઇ કામ કરૂ છું. હું ચિરાગભાઇ પ્રજલાલભાઇ દેલવાડીયા સાથે ૪ વર્ષ થી તેમની દુકાન સ્ટેશન રોડ પર મુન ટ્રેડર્સ નામની ખોળ કપાસીયાની દુકાનએ કામ કરૂ છુ. આજ થી આશરે એકાદ બે વર્ષ પહેલા હું તેઓની દુકાને હાજર હતો ત્યારે તેમની દુકાનએ અજાણ્યા ઈસમો આવેલ અને દુકાનની સામે ફોરવ્હીલ પાર્કીંગ કરેલ હોય તે બાબતે સામાન્ય બોલાચાલી થયેલ અને રાડારાડ થતા લોકોનુ ટોળુ ભેગું થઇ જતા ધકા મુકીમાં પડી જવાથી મને ઈજા થયેલ. કઇ વ્યક્તિના હાથમાં કયુ હથિયાર હતું તે હું કહી શકું નહી. ત્યારબાદ મનદુખ થતા મારા શેઠ ચિરાગભાઈએ આ બાબતે અજાણ્યા ઈસમો સામે ફરીયાદ આપેલ. તે સિવાય બીજું કાંઇ બનેલ નહી. પોલિસે આ બાબતે મારી પુછપરછ કરેલ. હું આરોપીઓને જોયેથી ઓળખતો નથી. આમ, સદરહુ સાહેદ પોતાના સોગંદ પરના પુરાવા દરમ્યાન ફરીયાદપક્ષના કેસની હકીકતોને સમર્થન કરતા ન હોય, વિ.એ.પી.પી.શ્રીની વિનંતીથી તેઓને ફરી

ગયેલા જાહેર કરવામાં આવેલ છે, ફરી ગયેલા જાહેર થયા બાદ વિ.એ.પી.પી.શ્રી દ્વારા તેઓની વિગતવાર ઉલટતપાસ કરવામાં આવેલ છે, તેમ છતા ફરીયાદપક્ષના કેસને સમર્થન પ્રાપ્ત થાય તેવો કોઇ પુરાવો આપેલ નથી.

બચાવ પક્ષના વિ.વ.શ્રી ધ્વારા ઉલટતપાસ કરવામાં આવતા એ વાત કબુલ કરેલ છે કે, એ વાત ખરી છે કે બનાવમાં પાર્કીંગ બાબતે સામાન્ય બોલાચાલી થયેલ. એ વાત ખરી છે કે હાલના બનાવ બાદ પણ હું તથા મારા શેઠ દુકાનએ નિયમિત કામકાજ કરીએ છીએ અને વેપાર કરીએ છે. એ વાત ખરી છે કે બનાવ વખતે માણસોનું ટોળું ભેગું થતા ઝપાઝપી માં મને તથા મારા શેઠને ઈજા થયેલ. એ વાત ખરી છે કે હું આરોપીઓને ઓળખતો નથી. એ વાત ખરી છે કે મને તથા મારા શેઠને કોઇ હથિયાર વડે ઈજા કરવામાં આવેલ નથી. એ વાત ખરી છે કે અમારી દુકાને કામ કરતા અન્ય કોઇ વ્યકતિને આરોપીઓએ ઈજા કરેલ નથી. એ વાત ખરી છે કે આરોપીઓ સાથે બોલાચાલી થતા મારા શેઠએ ફરીયાદ આપેલ. એ વાત ખરી છે કે આરોપીઓએ મને કે મારા શેઠને ધમકી આપેલ હોય તેવું બનેલ નથી.

૬.૪ ફરીયાદપક્ષે સાહેદ **પરેશભાઈ ધરમશીભાઈ પરમાર** નાઓએ **આંક– ૨૮** ની સોંગદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, હું ઉપરોકત સરનામે રહું છું અને મજુરીકામ કરૂ છું. હું ચિરાગભાઇ વ્રજલાલભાઇ દેલવાડીયા સાથે દોઢ બે વર્ષ થી તેમની દુકાન સ્ટેશન રોડ પર મુન ટ્રેડર્સ નામની ખોળ કપાસીયાની દુકાનએ મજુરી કામ કરૂ છુ. આજ થી આશરે એકાદ બે વર્ષ પહેલા હું તેઓની દુકાને હાજર હતો ત્યારે તેમની દુકાનએ અજાણ્યા ઈસમો આવેલ અને દુકાનની સામે ફોરવ્હીલ પાર્કીંગ કરેલ હોય તે બાબતે સામાન્ય બોલાચાલી થયેલ અને રાડારાડ થતા લોકોનુ ટોળુ ભેગું થઇ જતા ધકા મુકીમાં પડી જવાથી ચિરાગભાઇને ઈજા થયેલ. કઇ વ્યક્તિના હાથમાં કયુ હથિયાર હતું તે હું કહી શકું નહી. ત્યારબાદ મનદુખ થતા મારા શેઠ ચિરાગભાઇએ આ બાબતે

અજાણ્યા ઈસમો સામે ફરીયાદ આપેલ. તે સિવાય બીજું કાંઇ બનેલ નહી. પોલિસે આ બાબતે મારી પુછપરછ કરેલ. હું આરોપીઓને જોયેથી ઓળખતો નથી. આમ, સદરહુ સાહેદ પોતાના સોગંદ પરના પુરાવા દરમ્યાન ફરીયાદપક્ષના કેસની હકીકતોને સમર્થન કરતા ન હોય, વિ.એ.પી.પી.શ્રીની વિનંતીથી તેઓને ફરી ગયેલા જાહેર કરવામાં આવેલ છે, ફરી ગયેલા જાહેર થયા બાદ વિ.એ.પી.પી.શ્રી દ્વારા તેઓની વિગતવાર ઉલટતપાસ કરવામાં આવેલ છે, તેમ છતા ફરીયાદપક્ષના કેસને સમર્થન પ્રાપ્ત થાય તેવો કોઇ પુરાવો આપેલ નથી.

બચાવ પક્ષના વિ.વ.શ્રી દ્વારા ઉલટતપાસ કરવામાં આવતા એ વાત કબુલ કરેલ છે કે, એ વાત ખરી છે કે બનાવમાં પાર્કીંગ બાબતે સામાન્ય બોલાચાલી થયેલ. એ વાત ખરી છે કે હાલના બનાવ બાદ પણ હું તથા મારા શેઠ દુકાનએ નિયમિત કામકાજ કરીએ છીએ અને વેપાર કરીએ છે. એ વાત ખરી છે કે બનાવ વખતે માણસોનું ટોળું ભેગું થતા ઝપાઝપી માં અજયભાઇને તથા મારા શેઠને ઈજા થયેલ . એ વાત ખરી છે કે હું આરોપીઓને ઓળખતો નથી. એ વાત ખરી છે કે અજયભાઇને તથા મારા શેઠને કોઇ હથિયાર વડે ઈજા કરવામાં આવેલ નથી. એ વાત ખરી છે કે અમારી દુકાને કામ કરતા અન્ય કોઈ વ્યકતિને આરોપીઓએ ઈજા કરેલ નથી. એ વાત ખરી છે કે આરોપીઓ સાથે બોલાચાલી થતા મારા શેઠએ ફરીયાદ આપેલ. એ વાત ખરી છે કે આરોપીઓએ મારા શેઠને ધમકી આપેલ હોય તેવું બનેલ નથી.

૬.૫ ફરીયાદપક્ષે સાહેદ **ભગવાનજીભાઈ સંઘજીભાઈ જાવીયા** નાઓએ **આંક –૨૯** ની સોંગદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, હું ઉપરોકત સરનામે રહું છું અને ખેતી કામ કરૂ છું. આજ થી આશરે એકાદ બે વર્ષ પહેલા હું તથા મારા પત્નિ ચિરાગભાઈ ની દુકાન પાસે નિકળેલ હતા ત્યારે દુકાનની સામે ફોરવ્હીલ પાર્કીંગ કરેલ હોય તે બાબતે સામાન્ય બોલાચાલી થયેલ અને રાડારાડ થતા હું પણ દુકાનમાં જોવા માટે ગયેલ. કોની કોની વચ્ચે ઝગડો

થયેલ તેની મને જાત માહીતી નથી પરંતુ એકબીજા સામ સામે સામાન્ય બોલાચાલી કરતા હતા તે સિવાય બીજું કાંઇ બનેલ નહી. પોલિસે આ બાબતે મારી પુછપરછ કરેલ. હું આરોપીઓને જોયેથી ઓળખતો નથી. આમ, સદરહુ સાહેદ પોતાના સોગંદ પરના પુરાવા દરમ્યાન ફરીયાદપક્ષના કેસની હકીકતોને સમર્થન કરતા ન હોય, વિ.એ.પી.પી.શ્રીની વિનંતીથી તેઓને ફરી ગયેલા જાહેર કરવામાં આવેલ છે, ફરી ગયેલા જાહેર થયા બાદ વિ.એ.પી.પી.શ્રી દ્વારા તેઓની વિગતવાર ઉલટતપાસ કરવામાં આવેલ છે, તેમ છતા ફરીયાદપક્ષના કેસને સમર્થન પ્રાપ્ત થાય તેવો કોઇ પુરાવો આપેલ નથી.

બચાવ પક્ષના વિ.વ.શ્રી દ્વારા ઉલટતપાસ કરવામાં આવતા એ વાત કબુલ કરેલ છે કે, એ વાત ખરી છે કે બનાવમાં પાર્કીંગ બાબતે સામાન્ય બોલાચાલી થયેલ. એ વાત ખરી છે કે હાલના બનાવ બાદ પણ હું મારૂ કામ કાજ નિયમિત કરૂ છું. એ વાત ખરી છે કે બનાવ વખતે માણસોનું ટોળું ભેગું થતા ઝપાઝપી માં ચિરાગભાઇને ઈજા થયેલ. એ વાત ખરી છે કે હું આરોપીઓને ઓળખતો નથી. એ વાત ખરી છે કે ચિરાગભાઇને કોઇ હથિયાર વડે ઈજા કરવામાં આવેલ નથી.એ વાત ખરી છે કે ચિરાગભાઇએ આરોપીઓ સાથે બોલાચાલી થતા ફરીયાદ આપેલ.

૬.૬ ફરીયાદપક્ષે સાહેદ **કરણભાઈ રમેશભાઈ ચનીયારા** નાઓએ **આંક–૩૦** ની સોંગદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, હું ઉપરોકત સરનામે રહું છું અને કોમ્પ્યુટરનું કામ કરૂ છું. હું ચિરાગભાઈ વ્રજલાલભાઈ દેલવાડીયા સાથે ચાર વર્ષ થી તેમની દુકાન સ્ટેશન રોડ પર મુન ટ્રેડર્સ નામની ખોળ કપાસીયાની દુકાનએ કોમ્પ્યુટરનું કામ કરૂ છુ. આજ થી આશરે એકાદ બે વર્ષ પહેલા હું તેઓની દુકાને હાજર હતો ત્યારે તેમની દુકાનએ અજાણ્યા ઈસમો આવેલ અને દુકાનની સામે ફોરવ્હીલ પાર્કીંગ કરેલ હોય તે બાબતે સામાન્ય બોલાચાલી થયેલ અને રાડારાડ થતા લોકોનુ ટોળુ ભેગું થઇ જતા ધકા

મુકીમાં પડી જવાથી ચિરાગભાઈને ઈજા થયેલ. કઈ વ્યકિતના હાથમાં કયુ હથિયાર હતું તે હું કહી શકું નહી. ત્યારબાદ મનદુખ થતા મારા શેઠ ચિરાગભાઈએ આ બાબતે અજાણ્યા ઈસમો સામે ફરીયાદ આપેલ. તે સિવાય બીજું કાંઈ બનેલ નહી. પોલિસે આ બાબતે મારી પુછપરછ કરેલ. હું આરોપીઓને જોયેથી ઓળખતો નથી. આમ, સદરહુ સાહેદ પોતાના સોગંદ પરના પુરાવા દરમ્યાન ફરીયાદપક્ષના કેસની હકીકતોને સમર્થન કરતા ન હોય, વિ.એ.પી.પી.શ્રીની વિનંતીથી તેઓને ફરી ગયેલા જાહેર કરવામાં આવેલ છે, ફરી ગયેલા જાહેર થયા બાદ વિ.એ.પી.પી.શ્રી દ્વારા તેઓની વિગતવાર ઉલટતપાસ કરવામાં આવેલ છે, તેમ છતા ફરીયાદપક્ષના કેસને સમર્થન પ્રાપ્ત થાય તેવો કોઈ પુરાવો આપેલ નથી.

બચાવ પક્ષના વિ.વ.શ્રી દ્વારા ઉલટતપાસ કરવામાં આવતા એ વાત કબુલ કરેલ છે કે, એ વાત ખરી છે કે બનાવમાં પાર્કીંગ બાબતે સામાન્ય બોલાચાલી થયેલ. એ વાત ખરી છે કે હાલના બનાવ બાદ પણ હું તથા મારા શેઠ દુકાનએ નિયમિત કામકાજ કરીએ છીએ અને વેપાર કરીએ છે. એ વાત ખરી છે કે બનાવ વખતે માણસોનું ટોળું ભેગું થતા ઝપાઝપી માં અજયભાઈને તથા મારા શેઠને ઈજા થયેલ . એ વાત ખરી છે કે હું આરોપીઓને ઓળખતો નથી. એ વાત ખરી છે કે અજયભાઈને તથા મારા શેઠને કોઈ હથિયાર વડે ઈજા કરવામાં આવેલ નથી. એ વાત ખરી છે કે અમારી દુકાને કામ કરતા અન્ય કોઈ વ્યકતિને આરોપીઓએ ઈજા કરેલ નથી. એ વાત ખરી છે કે આરોપીઓ સાથે બોલાચાલી થતા મારા શેઠએ ફરીયાદ આપેલ. એ વાત ખરી છે કે આરોપીઓએ મારા શેઠને ધમકી આપેલ હોય તેવું બનેલ નથી. એ વાત ખરી છે કે બનાવમાં મને કોઈ ઈજા થયેલ નથી કે આરોપીઓએ કોઈ ધમકી આપેલ નથી.

૭- ત્યારબાદ ફરીયાદ પક્ષ દ્વારા બચાવપક્ષની સંમતિથી આંક-૩૧ થી ગુનાવાળી જગ્યાનું પંચનામું તથા આંક-૩૨ તથા આંક-૩૩ થી અટક

પંચનામું તથા આંક–૩૪ થી મુદામાલ રીકવરી પંચનામું તથા આંક–૩૫ તથા આંક–૩૬ થી પેનડ્રાઇવ રીકવરી પંચનામુ તથા આંક–૩૭ થી જાહેરનામું તથા આંક–૩૮ થી ફરીયાદીનું સારવારનું સર્ટીફીકેટ રજુ રાખી ત્યારબાદ આંક–૩૯ થી કલોઝીંગ પુરસીસ રજુ રાખી સદર કામે વિશેષ કોઈ પુરાવા આપવા ન માંગતા હોવાનું જાહેર કરતાં ફરીયાદપક્ષે વધુ કોઈ પુરાવો નોંધવામાં આવેલ નથી.

૮– આમ, આ કામે રેકર્ડ પર આવેલ મૌખિક તથા દસ્તાવેજી તમામ પુરાવાનું મૂલ્યાંકન કરવામાં આવે તો, ફરિયાદી ચિરાગભાઈ વ્રજલાલભાઈ દેલવાડીયા એ પોતાની મુખ્ય જુબાનીમાં સ્પષ્ટ જણાવ્યું છે કે બનાવનું મૂળ કારણ દુકાન આગળ ફોરવ્હીલ પાર્કિંગ બાબતે થયેલી સામાન્ય બોલાચાલી હતી. રાડારાડ થતાં લોકોનું ટોળું ભેગું થયું હતું અને ધક્કામુક્કીમાં ઈજા થઈ હતી. તેમણે સ્પષ્ટપણે જણાવ્યું છે કે કઈ વ્યક્તિના હાથમાં કયું હથિયાર હતું તે તેઓ કહી શકતા નથી. વધુમાં તેમણે આરોપીઓને ઓળખતા નથી તથા કોઈ હથિયાર વડે ઈજા કરવામાં આવી નથી તે પણ સ્વીકાર્યું છે. તેમણે એ પણ સ્વીકાર્યું છે કે આરોપીઓએ કોઈ ધમકી આપી નહોતી.

૯– તેમજ ફરિયાદી પક્ષના અન્ય તમામ સાહેદો, એટલે કે અજયભાઈ પરમાર, ભરતભાઈ જેઠવા, પરેશભાઈ પરમાર, ભગવાનજીભાઈ જાવીયા તથા કરણભાઈ ચનીયારાનાઓએ પણ લગભગ સમાન પ્રકારની જુબાની આપી છે. તમામ સાહેદોનું મુખ્ય કહેવું એટલું જ છે કે પાર્કિંગ બાબતે સામાન્ય બોલાચાલી થઈ હતી, ત્યારબાદ ટોળું ભેગું થતાં ઝપાઝપી થઈ હતી અને તેમાં સામાન્ય ઈજાઓ થઈ હતી. કોઈ પણ સાહેદે કોઈ ચોક્કસ આરોપીને ઓળખ્યો નથી. કોઈ પણ સાહેદે કોઈ આરોપીના હાથમાં હથિયાર જોયું હોવાનું કહ્યું નથી. કોઈ સાહેદે આરોપીઓ દ્વારા ધમકી આપવામાં આવી હોવાનું પણ જણાવ્યું નથી. વિશેષ નોંધપાત્ર બાબત એ છે કે ફરિયાદી સહિત તમામ મુખ્ય સાહેદોને ફરીયાદ પક્ષે જ "ફરી ગયેલા" (Hostile Witness) જાહેર કર્યા હતા. વિગતવાર ઉલટતપાસ છતાં તેઓ પાસેથી ફરિયાદ પક્ષના

મૂળ કેસને સમર્થન આપતો કોઈ મહત્વપૂર્ણ પુરાવો પ્રાપ્ત થયો નથી.

૧૦– વધુમાં સાહેદ ભગવાનજીભાઈ જાવીયાની જુબાની તો ફરીયાદપક્ષના કેસને સમર્થનકારી નથી કારણ કે તેઓ માત્ર ત્યાંથી પસાર થતા હતા અને તેમણે માત્ર સામાન્ય બોલાચાલી થતી જોઈ હોવાનું જણાવ્યું છે. કોની વચ્ચે ઝગડો થયો હતો તે બાબતે પણ તેમને જાણ નથી.

હવે વધુમાં દસ્તાવેજી પુરાવાનું મૂલ્યાંકન ફરિયાદ પક્ષે સ્થળ પંચનામું, અટક પંચનામું, મુદામાલ રિકવરી પંચનામું, પેનડ્રાઇવ રિકવરી પંચનામું, જાહેરનામું તથા ઈજાનું સારવાર પ્રમાણપત્ર રજૂ કર્યું છે. પરંતુ પંચનામા માત્ર પ્રક્રિયાત્મક દસ્તાવેજો છે. સારવાર પ્રમાણપત્ર માત્ર ઈજા થયાનું દર્શાવે છે, ઈજા કોણે પહોંચાડી તે સાબિત કરતું નથી. કોઈપણ સાહેદે હથિયારનો ઉપયોગ થયાનું સમર્થન કર્યું નથી. સી.સી.ટી.વી. અથવા પેનડ્રાઇવની સામગ્રી અંગે કોઈ સાક્ષી પુરાવામાં સમર્થન ઉપલબ્ધ નથી. કોઈ સ્વતંત્ર સાક્ષી આરોપીઓની ઓળખ અથવા હુમલાની ચોક્કસ ભૂમિકા સાબિત કરતો નથી.

તેમજ હાલના ગુનામાં તપાસ કરનાર અમલદાર દ્વારા તપાસ કરવામાં આવેલ છે. તપાસ દરમિયાન બનાવના સ્થળના સીસીટીવી ફૂટેજ ધરાવતી કોઇ પેનડ્રાઇવ રેકોર્ડ પર રજૂ કરવામાં આવેલ હોય તેવુ ફલિત થતુ નથી તેમજ ફરીયાદપક્ષે જે પેનડ્રાઇવ ઉપર આધાર રાખ્યો છે તે પેનડ્રાઇવને આંકે પડાવવામાં આવેલ નથી તથા કાયદાની જોગવાઈ મુજબ સાબિત કરવામાં આવેલ નથી. તેથી પેનડ્રાઇવમાં રહેલા કથિત સીસીટીવી ફૂટેજનો કોઈ પુરાવાકીય મૂલ્ય રહેતું નથી અને ફરીયાદપક્ષનો કેસ આ મુદ્દે આધાર વિહોણો અને અપ્રમાણિત રહે છે."

૧૧– આમ, સમગ્ર રીતે ફરીયાદપક્ષના કેસની મુખ્ય ખામીઓ એ રીતે છે કે, આરોપીઓની ઓળખ પુરવાર થયેલ નથી. કોઈ સાહેદે આરોપીઓને ઘટના સાથે સીધી રીતે જોડ્યા નથી. કોઈ હથિયારનો ઉપયોગ થયાનું પુરવાર થયેલ નથી. ધમકી આપવામાં આવી હોવાનો આરોપ સાબિત થયો નથી. ફરિયાદી તથા તમામ મુખ્ય સાહેદો ફરી ગયેલા જાહેર થયેલા છે. ઉલટતપાસમાં પણ ફરિયાદ પક્ષને અનુકૂળ પુરાવો મળ્યો નથી. ઈજાઓ ધક્કામુક્કી અને ટોળાની

અવ્યવસ્થામાં થયેલી હોવાનું પુરાવામાંથી બહાર આવે છે. આરોપીઓ સામે કોઈ ચોક્કસ ઓવરટ એક્ટ (Overt Act) સાબિત થતો નથી. તેમજ તપાસ દરમિયાન ઉપલબ્ધ થયેલા તમામ પુરાવાઓ, સાક્ષીઓના નિવેદનો તથા કેસના અન્ય દસ્તાવેજોના અવલોકન પરથી એવું કોઈ વિશ્વસનીય અથવા સ્પષ્ટ પુરાવો મળી આવતો નથી કે આરોપીઓએ અન્ય વ્યક્તિઓ સાથે મળી ગેરકાયદેસર મંડળી (Unlawful Assembly) રચી હોય. બી.એન.એસ.ની કલમ–૧૮૯(૨) હેઠળ ગેરકાયદેસર મંડળીની રચના તથા તેના સામાન્ય હેતુને સમર્થન આપતા જરૂરી તત્ત્વો તપાસમાં સ્થાપિત થતા નથી. તેથી આરોપીઓ સામે ગેરકાયદેસર મંડળી રચવાના આક્ષેપને સમર્થન આપતો કોઈ પુરાવો રેકોર્ડ પર ઉપલબ્ધ નથી."

૧૨– આમ, સમગ્ર રીતે અંતિમ પુરાવાઓનુ મૂલ્યાંકન (Final Appreciation of Evidence) રેકોર્ડ ઉપરના મૌખિક તથા દસ્તાવેજી પુરાવાનું સર્વાંગી મૂલ્યાંકન કરતાં એવું સ્પષ્ટ થાય છે કે ફરિયાદી પક્ષ આરોપીઓ વિરુદ્ધ લગાવવામાં આવેલા આરોપોને વાજબી શંકાથી પર (Beyond Reasonable Doubt) સાબિત કરવામાં સંપૂર્ણપણે નિષ્ફળ ગયેલ છે. ફરિયાદી સહિત તમામ મુખ્ય સાહેદોએ માત્ર પાર્કિંગ બાબતે સામાન્ય બોલાચાલી અને ત્યારબાદ થયેલી ધક્કામુક્કીની ઘટના સ્વીકારી છે, પરંતુ કોઈ પણ આરોપીની ઓળખ, કોઈ આરોપી દ્વારા હથિયારનો ઉપયોગ, ઈજા પહોંચાડવાનો ચોક્કસ કૃત્ય અથવા ધમકી આપવાની હકીકતને સમર્થન આપ્યું નથી. તમામ મુખ્ય સાહેદો ફરિયાદ પક્ષથી ફરી ગયેલા જાહેર થયેલ છે અને તેમની ઉલટતપાસમાંથી પણ ફરિયાદ પક્ષના કેસને મજબૂત બનાવે તેવો કોઈ વિશ્વસનીય પુરાવો બહાર આવ્યો નથી. તેથી સમગ્ર પુરાવાઓ પરથી એટલું જ સાબિત થાય છે કે પાર્કિંગ બાબતે સામાન્ય બોલાચાલી થઈ હતી અને ભીડ ભેગી થતાં થયેલી ઝપાઝપીમાં સામાન્ય ઈજાઓ પહોંચી હતી. પરંતુ આ ઈજાઓ માટે જવાબદાર વ્યક્તિઓ તરીકે હાલના આરોપીઓની સંડોવણી નિઃશંકપણે સાબિત થતી નથી. પરિણામે ફરિયાદ પક્ષ આરોપીઓ સામેના આરોપો પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ હોવાનું જણાય છે અને આરોપીઓને શંકાનો લાભ (Benefit of Doubt)

મળવાપાત્ર બને છે. તેથી આરોપીઓ વિરુદ્ધના આરોપો સાબિત થતા નથી અને તેઓને નિર્દોષ જાહેર કરવાના પૂરતા આધાર ઉપલબ્ધ થાય છે.

આમ, ફરીયાદ પક્ષ તરફે રજૂ થયેલ ઉપરોકત તમામ પુરાવા લક્ષમાં રાખતાં આ ગુનાના કામે હાલના આરોપીને કસુરવાર ઠરાવી શકાય એવો કોઈ સ્પષ્ટ, સચોટ અને સંતોષકારક પુરાવો જણાઈ આવેલ ન હોઈ ફરિયાદ પક્ષ આરોપી વિરુધ્ધના આક્ષેપો નિ:શંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ હોઈ ઉપરોકત મુદા નં.૧ નો નિર્ણય 'નકાર' માં આપી મુદા નં.ર પરત્વે નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

## -: હુ ક મ :-

૧. આ કામના આરોપી (૧) **જશપાલસિંહ ઉર્ફે જે.ડી. ધર્મેન્દ્રસિંહ જાડેજા** ઉ.વ. : ૨૭, ધંધો: ખેતી, રહે.ધ્રાફા ગામ,તા.જામજોધપુર, જી.જામનગર (૨) **પાર્થરાજસિંહ ઉર્ફે પી.ડી. ધર્મેન્દ્રસિંહ જાડેજા** ઉ.વ. : ૨૦, ધંધો: અભ્યાસ, રહે.ધ્રાફા ગામ,તા.જામજોધપુર, જી.જામનગર (૩) **દર્શનસિંહ વિરેન્દ્રસિંહ જાડેજા** ઉ.વ. : ૨૧, ધંધો: ખેતી, રહે.ધ્રાફા ગામ,તા.જામજોધપુર, જી.જામનગર (૪) **પ્રીયરાજસિંહ હરવિજયસિંહ જાડેજા** ઉ.વ. : ૧૮, ધંધો: ખેતી, રહે.ધ્રાફા ગામ,તા.જામજોધપુર, જી.જામનગર (૫) **ઉતમરાજસિંહ કિશોરસિંહ જાડેજા** ઉ.વ. : ૧૮, ધંધો : અભ્યાસ, રહે.તીરૂપતી સોસાયટી, જામજોધપુર, તા. જામજોધપુર, જી.જામનગર (૬) **મનહરસિંહ શિવરાજસિંહ જાડેજા** ઉ.વ. : ૨૫, ધંધો: ખેતી, રહે.ધ્રાફાગામ,તા.જામજોધપુર, જી. જામનગર (૭) **શીશુપાલસિંહ ઉર્ફે શીવરાજસિંહ પૃથ્વીરાજસિંહ જાડેજા** ઉ.વ.: ૨૧, ધંધો: ખેતી, રહે.ધ્રાફા ગામ,તા.જામજોધપુર, જી. જામનગર (૮) **દુષ્યંતસિંહ રાજેન્દ્રસિંહ જાડેજા** ઉ.વ.:૨૭, ધંધો:ખેતી,

રહે.ધ્રાફા ગામ, તા.જામજોધપુર, જી. જામનગરના ઓને બી.એન.એસ.એસ ની કલમ–૨૭૧ અન્વયે ભારતીય ન્યાય સં હીતા ની કલમ–૧૮૯ (૨), ૧૯૧(૨), ૧૯૧(૩), ૧૧૫ (૨), ૧૧ ૮(૧), ૩૫૧(૩), ૩૫૨, ૬૧ તથા જી.પી.એક્ટ–૧૩૫ (૧) મુજબ શિક્ષાને પાત્ર ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મૂકવામાં આવે છે.

૨. આ કામે કબજે લેવામાં આવેલ મુદામાલ લાકડાના ધોકાઓ નો અપીલ સમય વિત્યે નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે. તેમજ, સદર મુદામાલ પાવતીમાં જણાવ્યા મુજબનો અન્ય મુદામાલ વાહનો, મોબાઇલ અને પેનડ્રાઇવ અંગે જો કોઇ વચગાળાનો હુકમ થયેલ હોય તો તે કાયમ રાખવામાં આવે છે અન્યથા અપીલ સમય વિત્યા બાદ મુદામાલ તેના મુળ માલીકની ખરાઇ કરી તેઓને પરત સોંપવાનો હુકમ કરવામાં આવે છે.

૩. આ કામે આરોપીએ બી.એન.એસ.એસની કલમ–૪૮૧ અન્વયે ૬ (છ) મહિનાના સમયગાળા માટેના રૂા. ૧૦૦૦૦/– (અંકે રૂપિયા દસ હજાર પુરા/–) ના જામીન તથા તેટલી જ રકમનો જાતમુચરકો રજૂ કરવાનો હુકમ કરવામાં આવે છે.

**હુકમ આજરોજ તારીખ : ૦૫મી, માહે જુન , સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.**

સ્થળ : જામજોધપુર,
તારીખ : ૦૫–૦૬–૨૦૨૬

( નરેશકુમાર રમેશભાઈ ગોહેલ )
જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફ.ક.,
જામજોધપુર.
જજ કોડ : જીજે–૦૧૫૮૪.

આર.સી.સતરામણી
ગુજ.સ્ટેનો